| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૫/૦૭/૨૦૨૦ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૧૭૩/૨૦૨૦

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૭૧૪ | ૧૮ | ૯૭૩૨ | ૧૫૭૭૧ | ૧૭ | ૧૫૭૮૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૮૪ | ૦ | ૪૨૮૪ | ૫૮૦૦ | ૦ | ૫૮૦૦ |
| ૫૪૮૦૦ | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ૦ | ૪૩ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૧૬૭૯ | ૨૧૦ | ૧૧૮૮૯ | ૧૨૨૪૧ | ૧૭૪ | ૧૨૪૧૫ |
| કુલ | | ૨૫૭૨૦ | ૨૨૮ | ૨૫૯૪૮ | ૩૪૦૧૫ | ૧૯૧ | ૩૪૨૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨૦ | ૮,૩૨,૪૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૯૭૨ | ૭,૯૪,૪૦૦/- |

# અપહરણકર્તા આરોપીની અટકાયતની વિગત

## ચાંદખેડા પોલીસ સ્ટેશન :-

## લગ્ન કરવાની લાલચ આપી ૧૫ વર્ષની બાળકીનુ અપહરણ કરી ભગાડી લઇ જનાર આરોપી તથા ભોગબનનારને ગણતરીના દિવસોમાં શોધી કાઢતી ચાંદખેડા પોલીસ

માનનીય પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'એલ' ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં દાખલ થયેલ અપહરણના ગુન્હાઓમાં આરોપી તથા ભોગબનનારને શોધી કાઢવા સુચના કરેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓના સુપરવિઝન હેઠળ અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૦૦૭૪૬/૨૦૨૦ ઇ.પી.કો. ૩૬૩,૩૬૬ તથા પોક્સો એક્ટ કલમ ૧૧(Vi),૧૨ મુજબના કામે ૧૫ વર્ષની બાળકીને લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી ભગાડી લઇ જનાર આરોપી તથા ભોગબનનારને શોધી કાઢવા સર્વેલન્સ સ્કોડને સુચના કરતાં સર્વેલન્સ સ્કોડના માણસોએ પોતાનુ ગુપ્ત બાતમીતંત્ર ઉભુ કરી ભોગબનનાર તથા આરોપી ગૌરવ ઉર્ફે મોન્ટુ ચીમનભાઈ પરમાર ઉ.વ. ૨૯ રહે. બી-૫૭, આર્યનગર સોસાયટી, ફુટબોલ ગ્રાઉન્ડની પાસે, કાંકરીયા, અમદાવાદ શહેર મુળ વતન ગામ-સાંથલ, તા-જોટાણા, જી-મહેસાણા હાલમાં મહેસાણા ખાતેથી અમદાવાદ ખાતે આવતાં હોવાની બાતમી હકીકત આધારે તેઓને ચાંદખેડા બસ સ્ટેશન ખાતેથી પકડી લઇ પ્રશસંનીય કામગીરી કરેલ છે તેમજ આરોપીનો નામદાર કોર્ટના હુકમ મુજબ કોરોના ટેસ્ટ કરાવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**કામગીરી કરનાર :-** (૧) હેડ કોન્સ. દિનેશકુમાર ધનજીભાઇ બ.નં.૩૪૫૦(૨) પો.કોન્સ. ધર્મેન્દ્રકુમાર નવઘણજી બ.નં.૧૦૦૪૪



# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન:-

## અપહરણ તથા બળાત્કારના ગુનાના કામે પોલીસ પકડથી ભાગતા ફરતા અટક કરવાના બાકી આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.આશિષ ભાટીયા સાહેબ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા નિપુણા તોરવણે સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા બિપિન આહિરે સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મિલાપ પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન તેમજ સુચના આધારે અમદાવાદ શહેરમાં સગીરબાળાઓ પર બનતા ગુના અટકાવવા સારૂ અને બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ અને ગુનાના કામે પકડવાના બાકી આરોપીઓને પકડી પાડવા સારૂ જરૂરી સુચનાઓ કરેલ જે આધારે અત્રેના નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ પાર્ટ -A - ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૦૦૩૮૨/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૬૩,૩૬૬,૩૭૬(૨) (એન) તથા પોક્સો એકટ ૨૦૧૨ ની કલમ ૩, ૪, ૫(એલ), ૮, ૯ (એલ), ૧૦, ૧૧(૬) ૧૨ મુજબના ગુનાના કામે આરોપી રાજુ ઉર્ફે સાગર રમેશભાઇ ભોંઇ ઉ.વ. ૨૨ રહે, કુંભારવાસ સ્વામીનારાયણ મંદીર સામે જેતલપુરગામ અમદાવાદ તથા નિકોલગામ ભોંઇવાસ અમદાવાદ નાનો ફરીયાદીની સગીરવયની દીકરી ઉ.વ. ૧૭ વર્ષ ૭ માસ નાનીને તા. ૦૭/૦૫/૨૦૨૦ ના રોજ વહેલી સવારના સાતેક વાગ્યાના સુમારે ફરીયાદીના કાયદેસરના વાલીપણા માંથી લલચાવી ફોસલાવી લગ્ન કરવાના કે જારકર્મ કરવાના ઇરાદે ભગાડીને લઇ ગયેલ હોય દરમ્યાન તા. ૧૫/૦૫/૨૦૨૦ ના રોજ ફરીયાદીની સગીરવયની દીકરીને જેતલપુર ગામ ખાતે તેના ઘર નજીક મુકી ભાગી ગયેલ હોય અને આરોપી છેલ્લા બે મહિનાથી પોલીસ પકડથી ભાગતો ફરતો હોય જેથી પો. ઇન્સ.શ્રી એસ.એ.ગોહિલ નાઓની સુચના મુજબ તેમજ માર્ગદર્શન હેઠળ હ્યુમન શોર્સિસ મારફતે ખાનગીરાહે બાતમી હકિકત મેળવી ખંતપુર્વક તપાસ કરતા ઉપરોક્ત ગુનાનો આરોપી આજરોજ તા. ૧૪/૦૭/૨૦૨૦ ના રોજ મળી આવેલ હોય જેથી હાલમાં ચાલતા કોરોના વાયરસ મહામારી અનુસંધાને નામદાર કોર્ટની ગાઇડલાઇન મુજબ પ્રથમ આરોપીની કોરોના અંગેની સારવાર કરાવવી જરૂરી હોય જેથી પોલીસ દેખરેખ હેઠળ આરોપીની સિવિલ હોસ્પિટલ ખાતે કોરોના અંગેની સારવાર કરાવવા તજવીજ કરેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા ખુબ જ સારી અને પ્રશંશનીય કામગીરી કરેલ છે.

## ➢ કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

❖ પો.ઇન્સ એસ.એ.ગોહિલ નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર.

❖ અ.પો.કો. વિજયસિંહ લાખુભા બ.નં. ૬૧૭૯ તથા અ.પો.કો. શક્તિસિંહ ઉદેસિંહ બ.નં.૫૭૩૩ તથા અ.પો.કો. રામદેવસિંહ જયેન્દ્રસિંહ બ.નં. ૮૨૭૬

## આરોપીનો ફોટો :-



# પેરોલ જમ્પના આરોપીની અટકાયતની વિગત

**મેઘાણીનગર પોલીસ સ્ટેશન :-**

## ખુન જેવા ગંભીર ગુનાનો આરોપી હોય જે વચગાળાના જામીન ઉપરથી પેરોલ જમ્પ કરી નાસતો ફરતો હોય જે આરોપીને પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

સયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૪ સાહેબ તથા મદદનીશ પલીસ કમીશ્નર શ્રી "જી" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના તથા સીનીયર પોલીસ ઇન્સપેક્ટરશ્રી મેઘાણીનગર પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ ના પ્રો.પો.સ.ઈ વી.એ.હરકટ તથા પ્રો.મ.સ.ઇ. દીગ્વીજયસિંહ ભરતસિંહ બ.નં.૧૩૬૫૯ તથા અનાર્મ હે.કો. સિરાજઅહેમદ લીયાકતઅલી બ.નં.૮૩૩૮ તથા અનાર્મ લોકરક્ષક રિતેશ નંદલાલ બ.નં.૧૧૬૪૫ તથા અનાર્મ લોકરક્ષક સુરપાલસિંહ અમરસિંહ બ.નં.૧૪૮૦ નાઓ સાથે આજરોજ તા:-૧૪/૦૭/૨૦૨૦ ના કલાક ૨૧/૦૦ વાગ્યાથી કલાક ૨૩/૦૦ વાગ્યા સુધી રાખવામા આવેલ કોમ્બીંગમા પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીગ કરી મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.- ૧૭૮/૨૦૧૭ ઈ.પી.કો.કલમ-૩૦૨ ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૧૨૦(બી) તથા જી.પી.એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબના કામનો આરોપી નામે જીતેન્દ્ર ઉર્ફે જીતુ લક્ષ્મણભાઈ વાઘેલા રહેવાસી- ચામુંડાનગર વિ-૨ લીંમડા બસ સ્ટેન્ડ પાસે મેઘાણીનગર અમદાવાદ શહેર નાનો ઉપરોકત ગુનાના કામે હાલમા અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે જ્યુડીશ્યલ કસ્ટડીમા હોય જે તા:-૦૧/૦૬/૨૦૨૦ થી તા:-૧૬/૦૬/૨૦૨૦ સુધી નામદાર ગુજરાત હાઇકોર્ટના હુકમ આધારે વચગાળાના જામીન ઉપર છુટેલ હોય જેને તા:-૧૬/૦૬/૨૦૨૦ ના કલાક બપોરના ૧૨/૦૦ વાગ્યા સુધીમા સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે હાજર થવાનુ હતુ પરંતુ સદરી આરોપી નામદાર હાઇકોર્ટના હુકમનુ ઉલ્લઘન કરી પેરોલ જમ્પ કરી નાસતો ફરતો હોય જેઓને કોમ્બીંગ દરમ્યાન ખુન જેવા ગંભીર ગુનાના આરોપીને પકડી પાડી સારી તેમજ પ્રશંસનિય કામગીરી કરેલ છે.

**આરોપીનું નામ સરનામુ** (૧) જીતેન્દ્ર ઉર્ફે જીતુ લક્ષ્મણભાઈ વાઘેલા રહેવાસી- ચામુંડાનગર વિ-૨ લીંમડા બસ સ્ટેન્ડ પાસે મેઘાણીનગર અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી** (૧) પ્રો.પો.સ.ઈ વી.એ.હરકટ તથા (૨) એ.એસ.આઇ દીલીપકુમાર ઇશ્વરભાઇ બ.નં.૭૬૨૦ (૩) પ્રો.મ.સ.ઇ. દીગ્વીજયસિંહ ભરતસિંહ બ.નં.૧૩૬૫૯ તથા (૪) અનાર્મ હે.કો. સિરાજઅહેમદ લીયાકતઅલી બ.નં.૮૩૩૮ તથા (૫) અનાર્મ લોકરક્ષક કિરણસિંહ ગોપાલસિંહ બ.નં.૧૨૪૩ (૬) અનાર્મ લોકરક્ષક રિતેશ નંદલાલ બ.નં.૧૧૬૪૫



## સરખેજ પોલીસ સ્ટેશન

## મર્ડરના ગુન્હાના વચગાળાના જામીન પર છુટેલ ફરાર આરોપીને પકડી પાડતી સરખેજ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલ્કત સબંધી ગુન્હા શોધવા તેમજ નાસતા ફરાતા/વોંટેડ તથા પેરોલ ફર્લો/વચગાળાના જામીન પર છુટી હાજર નહિ થઇ ફરાર આરોપીઓને પકડી પાડવા સારુ સુચના આપેલ જે સુચનાં તથા માર્ગદર્શન આધારે પો.સ.ઇન્સ.વી.ડી.ડોડીયા.અ.પો.કોન્સ.જયરાજસિંહ મહિપતસિંહ બ.નં.૮૮૧૫ તથા અ.લો.ર.જયરાજદાન કિરિટદાન બ.નં.૧૩૦૨૯ તથા અ.લો.ર.દિલીપભાઇ ભાનુભાઇ બ.નં.૦૯૩૨ તથા અ.લો.ર.મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.નં.૧૧૪૮ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાનમાં પો.સ.ઇન્સ.વી.ડી.ડોડીયા નાઓની ખાનગી બાતમી હકીકત આધારે સરખેજ મકરબા અલબુર્ઝ ફ્લેટ પાસેથી "વટવા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૮૨૦૦૫૪૫/૨૦૨૦ ઇ.પી.કો.ક્લમ-૩૦૨, ૧૨૦(બી),૧૪૩ મુજબના ગુનાના કામના કાચા આરોપી ૫૪૫૩/૨૦ સાનુખાન સરફરાજખાન ખાન રહે. મ.નં.૭,અલ-અસ્બા પાર્ક,અલબુર્ઝની પાછળ સરખેજ અમદાવાદ શહેર નો અધિક્ષકશ્રીની કચેરી સાબરમતી મધ્યસ્થ જેલ નાઓના પત્ર ક્રમાંક – યુ.ટી.પી./૪૪૭૭/૨૦૨૦ આધારે નામદાર સેશન્સ કોર્ટના અરજી નં. CRMA/૩૨૧૮/૨૦ તા.૧૮/૦૬/૨૦૨૦ તથા CRMA/૩૩૮૩/૨૦ તા.૨૩/૦૬/૨૦૨૦ આધારે તા.૧૬/૦૬/૨૦૨૦ થી તા.૨૪/૦૬/૨૦૨૦ ના કલાક-૧૬/૦૦ વાગ્યા સુધીના વચગાળાના જામીન પર હતો જેને તા.૨૪/૦૬/૨૦૨૦ ના કલાક-૧૬/૦૦ સુધીમાં સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે હાજર થવાનુ હતુ પરંતુ તે વચગાળાના જામીનથી પરત જેલ ખાતે હાજર થયેલ નહિ અને ફરાર આરોપી તા.૧૫/૦૭/૨૦૨૦ ના કલાક ૦૬/૦૦ વાગે પકડી અટક કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**પકડાયેલ આરોપી:-** શાહનવાઝખાન ઉર્ફે સાનુખાન સરફરાજખાન જાતે-ખાન (પઠાણ) ઉ.વ.૨૯ રહે.મ.નં.૭, અલ-અસ્બા પાર્ક, અલબુર્ઝની પાછળ સરખેજ અમદાવાદ શહેર



# <u>પ્રોહીબીશન આરોપીની અટકાયતની વિગત</u>

**<u>ઇસનપુર પોલીસ સ્ટેશન :-</u>**

## <u>“ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ૫૭૦ લીટર દેશી દારૂ કિંમત રૂપિયા ૧૧,૪૦૦ /મળી કુલ્લે રૂપિયા ૨,૧૬,૫૮૦/ ના મુદામાલ સાથે એક આરોપીને ઝડપી પાડતી પી.સી.બી.”</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયા નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ કાર્યવાહી કરવા સુચના કરતા જે સુચના તેમજ પીસીબી ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડાના માર્ગદર્શન આધારે તા.૧૫.૦૭.૨૦૨૦ ના રોજ સ્ટાફના એ.એસ.આઇ ધનરાજસિંહ માનસિહ, અ.હે.કો.મહેંદ્ર વાસુદેવ, અ.હે.કો.ચેતનસિહ નટવરસિ, અ.પો.કો.કેયુરભાઇ ધીરુભાઇ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન મસઈ ધનરાજસિંહ માનસિહ તથા અ.હે.કો.મહેંદ્રવાસુદેવ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે નારોલ થી ઈસનપુર તરફ આવતા રોડ ઉપર મારુતી શો રુમ પાસે જાહેર રોડ ઉપર વોચ કરી હોન્ડા સીટી કાર નંબર GJ-18-AM-6273 ના કાર ચાલક આરોપી નામે હિતેષ ઉર્ફે બન્ટી કાળુભાઈ દેસાઈ રહે. બી/૬ રબારી વસાહત ભવાની નગર નો ટેકરો ઓઢવ અમદાવાદ નાને દેશી દારુ ૫૭૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૧૧,૪૦૦/ ની સાથે મળી કુલ્લે રુપિયા ૨,૧૬,૫૮૦/ નો મુદ્દામાલ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી ઈસનપુર પોસ્ટે ખાતે સી પાર્ટ ગુરન. ૧૧૧૯૧૦૨૨૨૦૦૯૭૮/૨૦૨૦ પ્રોહિ એક્ટ કલમ ૬૬બી, ૬૫ઈ, ૯૮(૨), ૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**<u>આરોપી:</u>** (૧) હિતેષ ઉર્ફે બન્ટી કાળુભાઈ દેસાઈ રહે. બી/૬ રબારી વસાહત ભવાની નગર નો ટેકરો ઓઢવ અમદાવાદ

**<u>વોંટેડ:</u>** (૧) પ્રહલાદજી રહે.ગામ- ક્મોડ તા દ્રસ્કોઈ જિલ્લો- અમદાવાદ (૨) ગીતાબેન શનાજી સેનમા રહેવાસી રેલ્વે કોલોની સાબરમતી અમદાવાદ

**<u>ગુનાની જગ્યા</u>** : નારોલ થી ઈસનપુર તરફ આવતા રોડ ઉપર મારુતી શો રુમ પાસે જાહેર રોડ

**<u>પકડાયેલ મુદામાલ</u>** : (૧) દેશીદારૂ ૫૭૦ લીટર કિ. રૂ.૧૧,૪૦૦/(૨) રોક્ડા નાણા રૂ.૧૮૦/ (૩) મોબાઈલ ફોન નંગ-૧ કિ.રૂ.૫૦૦૦/- (૪) હોન્ડા સીટી કાર નંબર GJ-18-AM-6273 કિ.રૂ.૨,૦૦,૦૦૦/





## **ગુના નિવારણ શાખા :-**

**"નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાથી ફિલ્મી ઢબે કારનો પીછો કરી રુપિયા ૧,૨૦,૦૦૦/ નો વિદેશી દારુનો જથ્થો તથા અન્ય મુદામાલ મળી કુલ્લે ૮,૨૧,૦૦૦/ રુપિયાના મુદામાલ સાથે એક ઈસમને ઝડપી પાડતી પી.સી.બી."**

મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયા નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા તેમજ અમદાવાદ શહેરમા આંતર રાજ્યમાથી પોલીસની ચોરી છુપીથી નાના મોટા વાહનોમા ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશીદારુનો જથ્થો ભરી લાવતા હોય તેવા ઈસમો અંગે વોચ ગોઠવી મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરતા જે સુચના આધારે પીસીબી ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડાના માર્ગદર્શન હેઠળ તા.૧૫.૦૭.૨૦૨૦ ના રોજ પીસીબીના સ્ટાફના એએસઆઈ જશવંતસિંહ બળદેવસિંહ, એએસઆઈ કિરીટસિહ ભવનસિહ , અહેકો દિલીપસિંહ પૃથ્વીસિંહ, અહેકો નરેન્દ્રસિહ કચરાજી, અપોકો પ્રિયવદન જયંતિલાલ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો દિલીપસિંહ પૃથ્વીસિંહ તથા અહેકો નરેન્દ્રસિહ કચરાજી નાઓને મળેલ ચોક્ક્સ બાતમી હકીક્ત આધારે નરોડા દહેગામ રિંગરોડ સર્કલ થી એનાસણ ગામની પાછળ આવેલ નર્મદા કેનાલ સુધીના આશરે ત્રણેક કિ.મી.સુધીમા મારુતી બ્રેજા કાર નંબર GJ-27-CF-9115 નો પીછો કરી કારચાલક સુધીર ચંન્દ્રશેખર ક્રિશ્ચીયન રહેવાસી- મ.ન.૧૫ પુષ્પમ નગર મદ્રાસીમંદિર ની સામે ભાઈપુરા હાટકેશ્વર અમદાવાદ નાને ભારતીય બનાવટના વિદેશી દારુનો જથ્થા બોટલો નંગ ૩૦૦ કિ.રૂ.૧,૨૦,૦૦૦/ તથા મારુતી બ્રેજા કાર તથા અન્ય મુદામાલ મળી કુલ્લે ૮,૨૧,૦૦૦/-ના મુદામાલ સાથે પકડી પાડી તેની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી નરોડા પોસ્ટે ખાતે સી પાર્ટ ગુરન. ૧૧૧૯૧૦૩૫૩૦૧૭૦૬/૨૦૨૦ પ્રોહિ એક્ટ કલમ ૬૬બી, ૬૫એઈ, ૧૧૬(૧)બી, ૯૮(૨), ૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપી :** (૧) સુધીર ચંન્દ્રશેખર ક્રિશ્ચીયન રહેવાસી- મ.ન.૧૫ પુષ્પમ નગર મદ્રાસીમંદિર ની સામે ભાઈપુરા હાટકેશ્વર અમદાવાદ

**વોન્ટેડ આરોપી:** (૧) યોગેશ રહેવાસી- ઈસનપુર જેનુ પુરુનામ ઠામ જાણવા મળેલ નથી.

**ગુનાની જગ્યા** : નરોડા દહેગામ રિંગરોડ સર્કલ થી એનાસણ ગામની પાછળ આવેલ નર્મદા કેનાલ સુધીના આશરે ત્રણેક કિ.મી.સુધીમા

**પકડાયેલ મુદામાલ :** (૧) ભારતીય બનાવટની વિદેશી દારુની બોટલો નંગ ૩૦૦ કિ.રૂ. ૧,૨૦,૦૦૦/-(૨) મોબાઇલ ફોન નંગ ૧ કિ. ૧,૦૦૦/- (3) મારુતી બ્રેજા કાર નંબર GJ-27-CF-9115 કિ. ૮,૦૦,૦૦૦/- (૪) એક કાળા કલર નુ કપડુ કિ.૦૦/૦૦

## ઓઢવ પોલીસ સ્ટેશન :-

## ભારતીય બનાવટના વિદેશીદારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ઓઢવ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર "આઈ" ડીવીજન શ્રી નાઓએ ઓઢવ વિસ્તારમાં પ્રોહી-જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ આપેલ સુચના આધારે અમો આર.જી.જાડેજા પોલીસ ઇન્સ્પેક્ટર ઓઢવ પોલીસ સ્ટેશન નાઓએ પો.સ્ટે વિસ્તારમાં "ઓઢવ આદિનાથનગર, મુનીસુવૃતસ્વામી મ.નં-સી/૭૫૨ માં રાજેન્દ્રસિંહ ચંદ્રસિંહ સોલંકી કે જેઓ હાલ ખુનની સજા ભોગવી રહેલ હોય અને પેરોલ જંપ હોય જેઓની દીકરી જીલકુવરબા તથા અર્ચીકુંવર પોતાના સાગરીતો રાખી ગે. કા. રીતે ભારતીય બનાવટનો વિદેશી દારૂનુ વેચાણ કરે છે અને અત્રે વખતે તેઓના રહેણાક મકાન પર વિદેશી દારૂનો જથ્થો આવેલ હોવાની" બાતમી હકીકત આધારે ભારતીય બનાવટના વિદેશીદારૂની શીલબંધ બોટલ નં-૧૬૧ કિ.રૂ.૫૮૨૯૦/ ગણી તથા બે વાહન કિ.રૂ.૮૫૦૦૦/ ના મળી કુલ્લે કિ.રૂ.૧,૪૩,૨૯૦/ મત્તાના મુદ્દામાલ તા-૧૪/૦૭/૨૦ ના ક.૦૭/૧૫ વાગે મળી આવતા નીચે જણાવેલ આરોપીઓ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી ભારતીય બનાવટના વિદેશીદારૂનો ગણનાપાત્ર ગુનો શોધી સારી કામગીરી કરવામાં આવેલ છે તા-૧૪/૦૭/૨૦૨૦.

### આરોપીઓના નામ:

૧. નિસર્ગ ઉર્ફે ભગો જગદિશભાઇ દરજી ઉ.વ.૨૧ રહેવાસી- મ.ન.-સી/૭૫૨ મુનીસુવ્રતસ્વામી સોસાયટી આદીનાથનગર ઓઢવ

**વોન્ટેડ:**૧.અર્ચીકુંવરબા રાજેંદ્રસિંહ સોલંકી રહેવાસી-મ.ન.-સી/૭૫૨ મુનીસુવ્રતસ્વામી સોસાયટી આદીનાથનગર ઓઢવ તથા ૨. જીલકુંવર રાજેન્દ્રસિંહ સોલંકી ઉ.વ.-૩૦ રહેવાસી- તથા ૩. રીન્કુ સુનીલકુમાર સોલંકી ઉ.વ.૨૫ રહેવાસી- સદર તથા ૪.સુનીલ ઉર્ફે કચોરી રામજીવન ખટીક રહેવાસી- મ.ન.-બી/૧૧૧, હરભોળાનાથ પાર્ક સોસાયટી, રામરાજ્યનગર, રામોલ, અ'વાદ ૫. ચિરાગ વજુભાઇ પીઠવા રહે: કૃષ્નનગર સોસાયટી, આદિનાથનગર, ઓઢવ

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:

એ.એસ.આઇ પરથીભાઇ પુરાભાઇ બ.નં.૧૩૫૨૭, અ.લો.ર.પરીમલ મોહનભાઇ બ.નં.૧૨૯૬૨, અ.લો.ર નિકુંજકુમાર ભીમરાવ બ.નં.૬૩૦, વુ.લો.ર દયાબેન જીતુભાઇ બ.નં.૧૦૮૬૫, તથા હોમગાર્ડ ઝાલા જયેન્દ્રસિંહ ભરતસિંહ બ.નં.૧૪૪૭૭૧, હોમગાર્ડ ભરવાડ મુકેશભાઇ કાનાભાઇ બ.નં.૧૪૧૧૮૮, હોમગાર્ડ જયંતીભાઇ ગોરધનભાઇ કોલડીયા બ.નં.૧૪૧૧૬૯, હોમગાર્ડ મેહુલ રમેશભાઇ પરમાર બ.નં.૧૪૧૧૮૫, હોમગાર્ડ રાજેન્દ્રસિંહ ચંદ્રસિંહ વાઘેલા બ.નં.૧૪૧૧૨૪, હોમગાર્ડ મિતાંગ ગીરીશભાઇ લાડ બ.નં.૧૪૨૩૪૦

**બાતમી આપનાર અધિકારી/કર્મચારી:** એ.એસ.આઇ પરથીભાઇ પુરાભાઇ તથા અ.લો.ર.પરીમલ મોહનભાઇ બ.નં.૧૨૯૬૨

# પાસા આરોપીની અટકાયતની વિગત

## સાબરમતી પોલીસ સ્ટેશન :-

## પ્રોહીબીશન સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી સાબરમતી પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “એલ” ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી સાબરમતી પો.સ્ટે. નાઓના સુપરવિઝન હેઠળ સાબરમતી પો.સ્ટે. વિસ્તારમાં આવા ગુનાઓ આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે જયેશ ઉર્ફે જયલુ S/o જશુભાઇ અંબાલાલ છારા (જાડેજા) ઉ.વ.૨૯ ધંધો-છુટક મજુરી રહે. છારાનગર કાળીગામ સાબરમતી અમદાવાદ શહેર  નાઓ વિરૂધ્ધ ભારતીય બનાવટના વિદેશી દારૂનો કેસ કરવામાં આવેલ હોય અને સદરી આરોપીની આવી પ્રવુતી પ્રોહી કલમ ૯૩ કે જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૪૭૦/૨૦૨૦ તા.૧૪/૦૭/૨૦૨૦ ના રોજ હુકમ કરતા સદર હુકમ આધારે સદરી આરોપીને પાસા અટકાયતના હુકમની બજવણી કરી ડીટેન કરી લાજપોર જેલ સુરત ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:

(૧) LR ભાગ્યપાલસિંહ વિજયસિંહ બ.નં.૧૨૦૪૭ (૨) ASI જયંતીભાઇ દેવજીભાઇ બ.નં.૭૫૩૬
(3) HC કમરૂદીન હુસેનમીયાં બ.નં.૪૧૦૧ (૪) PC રાજુભાઇ સાગરભાઇ બ.નં.૫૭૯૯



## <u>ગુના નિવારણ શાખા :-</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૧૪.૦૭.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં  મિલક્ત સબંધી, શરીર સબંધી, પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ  છે.

અમદાવાદ શહેરના બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા તાજેતરમા કોરોના વાયરસની વૈશ્વીક મહામારી અનુસંધાને ભારત સરકાર દ્વારા લોકડાઉનનો અમલ કરાવવા સારુ પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓ પોતાની કાયદેસરની ફરજ પર હાજર હતા દરમ્યાન દરખાસ્ત કરેલ ઈસમ લોકડાઉનનો ભંગ કરી મળી આવેલ હોય તેની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ કરતા હતા દરમ્યાન દરખાસ્ત કરેલ ઈસમ તથા તેના સાગરિતોએ એકજુથ થઈ પથ્થરમારો કરી એકદમ હલ્લા બોલ કરી પોલીસ ના સ્ટાફના માણસો સાથે ધકકા મુક્કી કરી જાહેરનામાનો ભંગ કરી ગુનાહિત માનસ ધરાવનાર ઈસમા નામે  ગોવિંદભાઈ છપ્પનભાઈ પટણી રહેવાસી- સત્યદેવ સોસાયટીના છાપરા રખીયાલ અમદાવાદ શહેર વિરુધ્ધમા પાસા વોરંટ જારી કરી તેઓને જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | ગોવિંદભાઈ છપ્પનભાઈ પટણી રહેવાસી- સત્યદેવ સોસાયટીના છાપરા રખીયાલ અમદાવાદ શહેર |

અમદાવાદ શહેરના અમરાઈવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમા દેશી દારુ જનતાના સ્વાસ્થયને હાનિકારક હોવા છતા મજકુર ઈસમ પોતાના સાગરિતો સાથે મળી ગેરકાયદેસરનો વગર પાસ પરમીટના દેશીદારુનો જથ્થો પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે મંગાવી લાવી પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા ગેરકાયદેસરના વગર પાસ દેશી દારુનુ વેચાણ તથા હેરાફેરી કરી ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ મહેશ ઉર્ફે ગટ્ટી ત્રિભોવનભાઈ પરમાર રહેવાસી- બ્લોક ન.આર/૬૧/૦૦૧ મહાલક્ષ્મીનગર જોગમાયાનગર સામે અમરાઈવાડી અમદાવાદ શહેર  વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મહેશ ઉર્ફે ગટ્ટી ત્રિભોવનભાઈ પરમાર રહેવાસી- બ્લોક ન.આર/૬૧/૦૦૧ મહાલક્ષ્મીનગર જોગમાયાનગર સામે અમરાઈવાડી અમદાવાદ શહેર |

આ ઉપરાંત પ્રોહીબીશન સંબધી ૬ ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો મળી <u>કુલ્લે ૯ ઇસમો</u> વિરુધ્ધ પાસા હુકમ કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૭૪/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૭ કેસ કરી, ૬૦ વ્યક્તિઓને ઝડપી, ૨૮૭ લીટર દેશી દારૂ, ૬૮૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩ સ્કૂટર, ૨ રિક્ષા, અને ૧ કન્ટેનર ટ્રક કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૪૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૭૫/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૧૭૬/૨૦૨૦

**બાપુનગરઃ (૧)** ભારતીબહેન તે રાજેશભાઇ અંબાલાલ પટેલની વિધવા પત્ની (ઉ.વ.૪૦) (રહે.કર્ણાવતી એપાર્ટમેન્ટ દિપેશ પાર્ક સામે ભગવતી સ્કૂલ પાસે હિરાવાડી બાપુનગર) એ તા.૧૪/૦૭/૨૦૨૦ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૭/૨૦૨૦ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૬૨૯૫૭૧૮૭૯૯ ના ધારકે ભારતીબહેનના પતિના મોબાઈલ નંબર પર ફોન કરી હું બેંક ઓફ બરોડા અમદાવાદ ખાતેથી બોલું છુ અને તમારુ બેંક ઓફ બરોડાનું એટીએમ કાર્ડ બ્લોક થયેલ છે તેમ કહેતા, (ભારતીબહેનના પતિનુ તા.૨૨/૦૬/૨૦૨૦ નારોજ અવસાન થયુ હતુ.) જેથી ભારતીબહેન વિશ્વાસમાં આવી જઈ ભારતીબહેન પાસેથી માગેલ તેમના પતિના એટીમ કાર્ડ નંબર તથા સીવીવી નંબર તેમજ ઓટીપી નંબરની માહીતી આપતા ભારતીબહેના પતિના ખાતામાંથી રૂપિયા ૨૦,૦૦૦/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.કે.વ્યાસ ચલાવે છે.

**બાપુનગરઃ (૨)** વરુણસિંહ રાજેન્દ્રસિહ રાઠોડ (ઉ.વ.૨૧) (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ રાધાભક્તિ દવાખાનાની લાઇનમાં બાપુનગર) એ તા.૧૪/૦૭/૨૦૨૦ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૭/૨૦૨૦ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે ગુગલ-પે હેલ્પ લાઇન મોબાઈલ નંબર ૯૬૧૪૦૬૧૮૭૪ ના ધારકે રાહુલસિંગ નામ જણાવી વરુણસિહ રાઠોડને વિશ્વાસમાં લઈ એક એકાઉંટ નંબર ૯૨૬૨૬૯૮૭૩૦૩૮ આપી અને આઈએફસી કોડ નાખાવી વરુણસિહ રાઠોડના ગુગલ-પે ખાતામાંથી કુલ રૂપિયા ૧૪,૭૦૦/- ઉપાડી ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.કે.વ્યાસ ચલાવે છે.

**બાપુનગરઃ (3)** લચ્છુબહેન ડૉ/ઓફ હિરજીભાઇ આહિર (ઉ.વ.૩૫) (રહે. આસોપાલવ સોસાયટી રઘુનાથ સ્કુલ પાછળ બાપુનગર) એ તા.૧૪/૦૭/૨૦૨૦ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૭/૨૦૨૦ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૭૩૮૪૮૮૬૬૯૯ ના ધારકે નસરુલ નામ જણાવી પોતે ક્રેડિટકાર્ડ કંપનીમાં વાત કરતા હોવાનુ કહી લચ્છુબહેન આહિરને વિશ્વાસમાં લઈ ક્રેડીટ કાર્ડની માહીતી મેળવી લઈ લચ્છુબહેન આહિરના બેન્કના ખાતામાંથી કુલ રૂપિયા ૪,૦૮૭/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.કે.વ્યાસ ચલાવે છે.

**બાપુનગરઃ (૪)** અજયસિહ સુરગ્યાનસિહ રાજપૂત (ઉ.વ.૩૪) (રહે. ભક્તિનગર સોસાયટી બાપુનગર) એ તા.૧૪/૦૭/૨૦૨૦ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૬/૨૦૨૦ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૯૯૭૪૧૩૪૭૩૨ ના ધારકે અંકિત શર્મા નામ જણાવી ગુગલ-પે માંથી બોલતા હોવાનુ જણાવી તમારુ ગુગલ-પે નુ કેવાયસી પુરુ થવા આવેલ છે તમે જલ્દીથી તમારુ કેવાયસી કરાવો નહી તો તમારુ ગુગલ-પે એકાઉન્ટ બંધ થઈ જશે તેમ કહી વિશ્વાસમાં લઈ અજયસિહ રાજપુતના ક્રેડિટ કાર્ડ નંબર તથા સીવીવી નંબર મેળવી અજયસિહ રાજપુતના ક્રેડિટ કાર્ડમાંથી રૂપિયા ૧૬,૫૩૦/- ખરીદી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.કે.વ્યાસ ચલાવે છે.

**સાબરમતીઃ** હિતેશ મહેન્દ્રકુમાર કંસારા (ઉ.વ.૩૨) (રહે. ગણેશ ગ્રીન્સ ગણેશદ્વાર બંગ્લોઝ સામે ચેનપુર રોડ ન્યુ રાણીપ) એ તા.૧૪/૦૭/૨૦૨૦ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૫/૨૦૨૦ કલાક ૧૨/૦૦ થી તા.૨૦/૦૫/૨૦૨૦ બપોરના ૨/૧૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૭૨૫૨૯૯૬૯૪૪ ના ધારકે હિતેશ કંસારાના ફોન ઉપર મેસેજ કરી કેવાયસી અપલોડ કરવાનુ કહી www.jiomyfiber.com/9327906370.html નામની લીંક મોકલતા હિતેશ કંસારાએ લીંક ખોલતા ઇન્ટરનેટ માધ્યમથી હિતેશ કંસારાના સીટી બેંકના ક્રેડીટ કાર્ડમાંથીરૂપિયા ૧,૦૦,૧૯૮/- nearby.com નામની વેબસાઇટમાં ટ્રાન્જેક્શન વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એચ.વાળા ચલાવે છે.

**અમરાઈવાડીઃ** નસીબુદ્દીન સલીમુદીન રાજપુત (રહે. અજીત રેસીડેન્સી અજીતમીલ કમ્પાઉન્ડ રખિયાલ રોડ) એ તા.૧૪/૦૭/૨૦૨૦ ના રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી દીવ્યાંગ સુરેશભાઇ પટેલ (રહે. રીટાનગર કેનાલ પાસે રામોલ) તા.૦૧/૦૭/૨૦૨૦ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે અમરાઇવાડી નેશનલ હેંડલુમ ખાતે નસીબુદ્દીન રાજપુત પાસે આવી ફોટોશુટ બાબતે વાતચીત કરી વિશ્વાસમાં લઈ ફોટોશુટ કરવા માટે નસીબુદ્દીન રાજપુત પાસેથી નિકોન કંપનીનો કેમેરો કિમત રૂપિયા ૩૬,૦૦૦/- લઈ જઈ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એમ.બારોટ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૧૭૭/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટ**: જ્યોતીનભાઇ સ/ઓ જયેશભાઇ પટેલ (ઉ.વ.૩૩) (રહે. સુદર્શન સ્કાય સોલા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૭/૨૦૨૦ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિર્મલકુમાર ઇશ્વરભાઇ ચલાવે છે.

**નિકોલ**: બાબુભાઇ સવજીભાઇ ડોડીયા (ઉ.વ.૭૨) (રહે. શ્રીધર ફ્લોરા અમરજવાન સર્કલ પાસે નિકોલ) એ બિમારીથી કંટાળી તા.૧૪/૦૭/૨૦૨૦ કલાક ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાલક્નીમાં લોખંડની જાળી સાથે વાયર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચીમનસિહ ગુલાબસિહ ચલાવે છે.

**અમરાઈવાડી**: ગોવિંદસિંગ મોહનસિંગ રાજપુત (ઉ.વ.૨૨) (રહે. શાસ્ત્રીનગર પોપટલાલની ચાલી આગળ રામરાજ્યનગર અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૭/૨૦૨૦ કલાક ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના લોખંડના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિહ રામસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી